વેસ્ટ બંગાળની LFS બ્રોકિંગ પ્રાઇવેટ લિમિટેડ કંપનીએ કુલેકું ફેરવ્યું

રોકાણ પર 2 ટકા વળતરનું કહી 55 લોકોના 2.47 કરોડ ચાઉં

શરૂઆતમાં 1 વર્ષ સુધી રોકાણ કરતા લોકોને 2 ટકા વળતર ચૂકવ્યા બાદ કંપનીએ હાથ ખંખેરી લીધા

સુરતઃ વેસ્ટ બંગાળની એલ.એફ.એસ બ્રોકિંગ પ્રાઇવેટ લિમિટેડ કંપની શેર બજારમાં રોકાણ કરતાં હોવાનું કહી મહિને 2 ટકા ઇન્વેસ્ટમેન્ટ પર વળતર આપવાની લાલચ આપી 55 રોકાણકારો પાસે 2.47 કરોડ પડાવી લીધા છે. ક્રાઇમ બ્રાન્ચમાં સંચાલકો અને કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોધાઈ છે.

ક્રાઇમ બ્રાન્ચ પાસે મળતી માહિતી મુજબ ગોપીપુરામાં ચંદનબાગ એપાર્ટમેટમાં રહેતા 42 વર્ષીય દેવાંગ કિર્તિકુમાર શાહ ચૌટાબજારમાં મહાવીર પરફ્યુમના નામથી અગરબતી વેચવાનું કામ કરે છે. તેણે ક્રાઇમ બ્રાંચમાં ગઈકાલે એલ.એફ.એસ બ્રોકિંગના સંચાલકો અને કર્મચારીઓ સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ દેવાંગભાઈને વર્ષ 2020માં ચૌટાબજારમાં તેમની દુકાનની બાજુમાં ટીવી રિપેરિંગનું કામ કરતાં નિર્મલ સંતરાએ એલ.એફ.એસ બ્રોકિંગ કંપનીમાં તે ઈન્વેસ્ટમેન્ટ કરી સારી કમાણી કરતાં હોવાનું જણાવ્યું હતું. નિર્મલએ દેવાંગને ઈન્વેસ્ટ કરવું હોય તો એલ.એફ.એસ બ્રોકિંગ કંપનીમાં તેમના મામાનો દીકરો હેમંત પાલ, આર.એમ હોય જે આખી સ્કીમ તમને સમજાવશે તેમ જણાવ્યું હતું.

બાદમાં વર્ષ 2021માં દેવાંગ ભાઈએ ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહેતા નિર્મલએ આરોપી હેમંત પાલ સાથે મોબાઈલ પર વાત કરાવી હતી. હેમંતએ દેવાંગને તેમની કંપની ઈન્વેસ્ટમેન્ટ પર મહિને 2 ટકા અથવા વાર્ષિક 22થી 26 ટકા વળતર આપવાની વાત કરી હતી. અને 10 લાખથી વધુ રોકાણ પર રોકાણનું નોટરી રજીસ્ટર ગેરંટી પણ લખી આપવાની વાત કરી હતી. નિર્મલએ તેના કંપનીના ડિરેક્ટર સાથે પણ વાત કરાવી હતી. બાદમાં દેવાંગ નિર્મલ સાથે વેસ્ટ બંગાળ ખાતે કંપનીમાં જઈ પૂરી ખાતરી કરી આવ્યો હતો. બાદમાં સુરત આવી દેવાંગ અને નિર્મલએ તે કંપનીમાં એજન્ટ બનવા માટે ફી પેટેના 1 હજારનો ચેક બનાવી મોકલી આપ્યો હતો. એજન્ટ બન્યા બાદ દેવાંગ સહિત 55 લોકોએ 2.47 કરોડ એલ.એફ.એસ બ્રોકિંગ પ્રા.લિ. કંપનીમાં ઈન્વેસ્ટ કર્યા હતા. પરંતુ પાછળથી કંપનીએ હાથ ખંખેરી લેતા લોકોના પૈસા ભેરવાઈ ગયા. આ કેસમાં ક્રાઇમ બ્રાન્ચે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

કંપનીના ડિરેક્ટરે ઝાંસામાં કંપની રજીસ્ટર હોવાના પુરાવા મોકલ્યા

વધુ ખાતરી માટે નિર્મલએ તેના મોબાઈલથી વેસ્ટ બંગાળની કંપની ડિરેક્ટર કાજી મેહબૂબ સાથે વાત કરાવી હતી. ડિરેક્ટરે દેવાંગને કહ્યું હતું કે એક પોર્ટ ફોલીયો મેનેજમેન્ટ સર્વિસ નામથી સ્કીમ ચલાવે છે. તે સ્કીમમાં રોકાણ પેટે આવતા પૈસા તેમની કંપની શેર બજારમાં ઇન્વેસ્ટ કરી નફો કરે છે. કાજી મેહબુબએ તેમની કંપની રજીસ્ટર હોવાનું કહી જેના બધા પુરાવા દેવાંગના મોબાઈલ પર મોકલ્યા હતા.

શરૂઆતના એક વર્ષ વળતર ચુકવ્યું

શરૂઆતમાં કંપનીએ 1 વર્ષ સુધી 2 ટકા પ્રમાણે વળતર ચૂકવ્યું હતું. એક વર્ષ વળતર આપ્યા બાદ કંપનીએ વળતર આપવાનું બંધ કરી દીધું હતું. જેથી દેવાંગે કંપનીમાં વળતર બાબતે વારંવાર કરતાં કંપનીના કર્મચારી અને સંચાલકોએ હાલ કંપનીની આર્થિક પરિસ્થિત સારી નથી તેમ કહી હાથ અધ્ધર કરી દીધા હતા.

કોની કોની સામે ફરિયાદ નોંધાઈ

હેમંતકુમાર પાલ તે એલએફએસ તથા પીએમએસ કંપનીના સીનીયર આર.એમ. (રહે. બકુલીયાબસ સ્ટેન્ડ, બકુલીયા, હુગલી વેસ્ટ બંગાળ) જીયાઉર રહેમાન (સી.ઇ.ઓ.ડાયરેક્ટર) (રહે.યુ.બી.આઇ બિલ્ડીંગ, લિંક રોડ, વોર્ડ નં-૧૩, આરામબાગ, દૌલતપુર, વેસ્ટ બંગાળ) કાજી મહેબુબ એલએફએસ તથા પીએમએસ કંપનીના બ્રાંચ મેનેજર અને (રહે. યુ.બી. આઇ બિલ્ડીંગ,લિંક રોડ,વોર્ડ નં-૧૩, આરામબાગ,દૌલતપુર, વેસ્ટ બંગાળ) રોનીતા મહાજન (રહે. યુ.બી.આઇ બિલ્ડીંગ, લિંક રોડ, વોર્ડ નં-૧૩, આરામબાગ,દૌલતપુર, વેસ્ટ બંગાળ) ફરિયાદ નોધાવી છે.

બોર્ડની ધો.૧૨ની પૂરક પરીક્ષાના પાસ ઉમેદવારો માટે ખાલી બેઠકોવાળી કોલેજોની યાદી જાહેર

જે કોલેજોમાં બેઠકો ખાલી છે, તેની યાદી યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકાઈ

સુરતઃ ગુજરાત શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની પૂરક પરીક્ષામાં પાસ થનારા ઉમેદવારોને કોલેજ કક્ષાએ સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં જે કોલેજોમાં બેઠક ખાલી છે, તે કોલેજોની યાદી નર્મદ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

વીર નર્મદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યો, વિભાગોના વડા અને કો-ઓર્ડિનેટરોને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે સૂચના આપવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે સ્નાતકના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જી-કાસ અને નર્મદ યુનિવર્સિટીની વેબસાઈટ પર ભરેલા પ્રવેશ ફોર્મના મેરિટ યાદી પૂર્ણ કરવાની કરશે. ત્યારબાદ ખાલી બેઠકો માટે પૂરક પરીક્ષામાં પાસ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના રહેશે. યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રવેશ ફોર્મ ભરાવી ૩૦૦ રૂપિયા ફોર્મ ફી લેવાની રહેશે. નર્મદ યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ બીબીએ, બીસીએ, બીકોમ, બીએ, બીઆરએસ, બીએસસી અને બીએસસી ડેટા સાયન્સ એન્ડ એનાલિટિક્સની બેઠકો જે કોલેજમાં ખાલી છે, તે કોલેજોની યાદી યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

બીએડમાં પ્રવેશ માટે ૨ ઓગસ્ટે કાઉન્સેલિંગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ડાયેટ, સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર બીએડ કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે પ્રવેશ લેવા કાઉન્સેલિંગનો બીજો રાઉન્ડ રજી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ યોજાશે. જે વિદ્યાર્થીઓએ જી-કાસ પોર્ટલ અને યુનિવર્સિટીની વેબસાઈટ પર ફોર્મ ભર્યું છે. પ્રવેશ મળ્યો નથી, તેવા વિદ્યાર્થીઓએ કાર્યક્રમ અનુસાર કાઉન્સેલિંગ સેન્ટર પર હાજર રહેવાનું રહેશે. આ કાઉન્સેલિંગમાં પ્રવેશ ટ્રાન્સફર કરી આપવામાં આવશે નહીં અને ટોકન ફી ૩,૦૦૦ રૂપિયા જમા કરાવવાની રહેશે.

ક્યા અભ્યાસક્રમમાં કેટલી કોલેજોમાં બેઠકો ખાલી છે

અભ્યાસક્રમ.	કોલેજ સંખ્યા
બીબીએ.	૦૮
બીસીએ.	૧૧
બીકોમ.	૨૦
બીએ.	૦૪
બીઆરએસ.	૦૧
બીએસસી.	૦૮
બીએસસી ડેટા સાયન્સ.	૦૧

ભેસ્તાનમાં ગુડ્ઝ લિફ્ટ તૂટી પડતાં ચાર ગંભીર રીતે ઘાયલ

ભેસ્તાન ફાયર સ્ટેશન સામે આવેલી લક્ષ્મીદાસ ટેક્સટાઈલ્સમાં કામદારો ગુડ્સ લઈને લિફ્ટમાં જતાં હતાં ત્યારે ત્રીજા માળેથી લિફ્ટ તૂટી પડી હતી

લિફ્ટમાં માલસામાન સાથે ચારેય કામદારો નીચે પટકાતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિ.માં ખસેડાયા

સુરતઃ ભેસ્તાનમાં ગુડ્ઝ લિફ્ટ તૂટી પડતાં ચાર કામદારોને ઈજા પહોંચી હતી. ત્રીજા માળે પાસેથી તૂટેલી લિફ્ટમાં નીચે પટકાયેલા ચારેક કામદારને તાત્કાલિક સારવાર માટે 108 એમ્બ્યુલન્સ મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલ ગણેશનગરમાં 18 વર્ષીય નીરજ જમનાપ્રસાદ પાસવાન રહે છે. નીરજ ભેસ્તાન ફાયર સ્ટેશનની સામે આવેલ લક્ષ્મીદાસ ટેક્સટાઇલમાં નોકરી કરતો હતો. બુધવારે બપોરે 12 વાગ્યાના સુમારે નીરજ કંપનીમાં કામ કરતા રાજા, યુવરાજ તેમજ ચંદન નામના કામદાર સાથે કામ કરી રહ્યો હતો.

દરમિયાન ચારેય કામદારો ગુડસ લિફ્ટમાં કંપનીનો માલ લઈને ત્રીજા માળે જઈ રહ્યા હતા. તે સમયે ત્રીજા માળ પાસે લિફ્ટ આવતા જ તે તૂટી પડી હતી. જેથી માલ-સામાન, લિફ્ટ સહિત ચારેય કામદારો પણ નીચે પટકાયા હતા. જેમાં તમામને ઈજાઓ પહોંચી હતી. જેથી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ચારેયને હોસ્પિટલના એમઓડબલ્યુ વોર્ડમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટનામાં કોણ જવાબદાર છે તે પોલીસે શોધવું જોઈએ. લિફ્ટ બનાવવાનો વાંક છે કે પછી તેનું સમયાંતરે ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું નથી તેની પણ તપાસ જરૂરી છે. હાલમાં પોલીસે કોઈ ગુનો નોંધ્યો હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું નથી પરંતુ જો પોલીસ તપાસ કરશે તો જ આ કામદારોને ન્યાય મળશે તે નિશ્ચિત છે.

ઈજાગ્રસ્તના નામઃ

1. નીરજ જમના પ્રસાદ પાસવાન (ઉ.વ 18, રહે., ગણેશનગર, પાંડેસરા)
2. યુવરાજ રામબાલી ખુશવાહ (ઉ.વ 18, રહે., ભેસ્તાન)
3. રાજા બેજનાથ પાસવાન (ઉ.વ 19, રહે., ગણેશનગર, પાંડેસરા)
4. ચંદન શ્યામ ગૌડ (ઉ.વ 22, રહે., સિધ્ધાર્થનગર, ભેસ્તાન)

24મી ઓગસ્ટે નર્મદ યુનિ.નો ખાસ પદવીદાન સમારોહ, વિક્રમી 39,597 પદવી એનાયત થશે

પહેલી વખત ખાસ પદવીદાનમાં આટલી મોટી સંખ્યામાં પદવી અપાશે

સુરતઃ શહેરની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આગામી 24 ઓગસ્ટે યોજાનારા ખાસ પદવીદાન સમારોહમાં 39,597 ઉમેદવારોને પદવી એનાયત કરાશે.

વીર નર્મદ યુનિવર્સિટીમાં ચાલી આવતી પરંપરા મુજબ વરસમાં બે વખત પદવીદાન સમારોહ યોજાય છે. જેમાં બહાર ભણવા જતા ઉમેદવારોને વધુ અભ્યાસ માટે પદવીની જરૂર હોય તેથી ખાસ પદવીદાન સમારોહ યોજાય છે. યુનિ.માં મુખ્ય પદવીદાન સમારોહ ફેબ્રુઆરી મહિનામાં અને ખાસ પદવીદાન સમારોહ ઓગસ્ટ મહિનામાં યોજાય છે. યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડો. કે. એન. ચાવડાએ જણાવ્યું હતું કે આ વખતનો ખાસ પદવીદાન સમારોહ આગામી 24 ઓગસ્ટે અડાજણ સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે યોજાનારો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વખતે ખાસ પદવીદાન સમારોહમાં રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા માસ્ટર ઓફ પોલિટિકલ સાયન્સમાં પદવી મેળવશે.

53થી 55માં પદવીદાન સમારંભમાં કેટલી પદવીઓ એનાયત થઈ

1.	53મો વાર્ષિક પદવીદાન સમારોહમાં	36,762
2.	53મો ખાસ પદવીદાન સમારોહ	27,303
3.	54મા વાર્ષિક પદવીદાન સમારોહમાં	28,949
4.	54મા ખાસ પદવીદાન સમારોહમાં	31,748
5.	55માં વાર્ષિક પદવીદાન સમારોહમાં	17,323

'આ ગઈ હું વાપસ મેદાન મૈં... તું ભી આજા, અબ મેં તુઝે દિખાતી હું' કહી ગાળો આપી

રાંદેરમાં ઇવેન્ટ મેનેજમેન્ટ કરતી યુવતી ઇન્સ્ટાગ્રામ પર લાઈવ થતા પ્રિયંકા નામની યુવતીએ બબાલ કરી...

યુવતીએ બે દિવસ સુધી પ્રિયંકાનો સંપર્ક કરવા પ્રયાસ કરી બાદમાં પોલીસ ફરિયાદ નોંધાવી

સુરતઃ ન્યુ રાંદેર ખાતે રહેતી અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતી યુવતીને ઈન્સ્ટાગ્રામ લાઈવમાં પ્રિયંકા નામની યુવતીએ 'આજ જેલ- કલ બેલ, ફિર વહી પુરાના ખેલ, મૈં આ ગઈ હું વાપસ મેદાન મૈં, તું ભી આજા અબ મૈં તુઝે દીખાતી હું ' કહી ગંદી ગાળો આપતા અડાજણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ન્યુ રાંદેર રોડ પર રહેતી અને ઈવેન્ટ મેનેજમેન્ટનું કામ કરતી 28 વર્ષીય યુવતીએ અડાજણ પોલીસ સ્ટેશનમાં પ્રિયંકા ઉર્ફે પૂજા પ્રિયાંશું ગુપ્તા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ યુવતી ગત 20 તારીખે રાત્રે 11 વાગે મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતી હતી. જે દરમ્યાન ઈન્સ્ટાગ્રામની તેની ફ્રેન્ડ પ્રિયંકા લાઈવ થઈ હતી. પ્રિયંકા લાઈવમાં યુવતી પણ જોડાઈ હતી. લાઈવ વખતે પ્રિયંકા કોઈ બે છોકરાઓ સાથે ગાડીમાં ક્યાંક જતી હતી. પ્રિયંકા લાઈવમાં યુવતીના નામથી 'આજ જેલ- કલ બેલ, ફિર વહી પુરાના ખેલ, મૈં આ ગઈ હું વાપસ મેદાન મૈં, તું ભી આજા અબ મૈં તુઝે દીખાતી હું ' કહી ગંદી ગાળો આપતી હતી. જે આખો વીડિયો યુવતીએ રેકોર્ડિંગ કરી લીધો હતો. બાદમાં યુવતીએ ઈન્સ્ટાગ્રામમાં રજીસ્ટર મોબાઈલ નંબર પર ફોન કરી પ્રિયંકાનું પૂછતા સામેથી આજે અમે બહાર છીએ કાલે વાત કરાવીશું કહી ફોન મૂકી દેવાયો હતો. જેથી યુવતીએ આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉધના-ભાવનગર-ઉધના વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

સ્પેશિયલ ટ્રેન ઉધનાથી રાત્રે 10-05 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 8-45 કલાકે ભાવનગર પહોંચશે

સુરતઃ પશ્ચિમ રેલવે સુરતમાં વસતા ભાવનગર સહિતના વિસ્તારના લોકો માટે ખુશીના સમાચાર લઈને આવ્યું છે. રેલવેએ વધારાના ઘસારાને પહોંચી વળવા માટે ઉધનાથી- ભાવનગર વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે.

પશ્ચિમ રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર 09021-09022 ઉધના-ભાવનગર-ઉધના સ્પેશિયલ ટ્રેનના કુલ 8 ફેરા હશે. ટ્રેન નંબર 09021 ઉધના-ભાવનગર એક્સપ્રેસ પ્રત્યેક સોમવારે રાત્રે 22.05 વાગે ઉધનાથી રવાના થઈને બીજા દિવસે સવારે 8.45 વાગે ભાવનગર ટર્મિનસ પહોંચશે. તેમજ ટ્રેન નંબર 09022 ભાવનગર-ઉધના એક્સપ્રેસ પ્રત્યે મંગળવારે સાંજે 7 વાગે ભાવનગરથી રવાના થઈને બીજા દિવસે સવારે 7.10 વાગે ઉધના પહોંચશે. આ ટ્રેન 5 ઓગસ્ટથી 27 ઓગસ્ટ 2024 સુધી દોડશે. આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, ગાંધીગ્રામ, સરખેજ, ઢોલકા, ધંધુકા, બોટાદ, ઢોલા, સોનગઢ, સિહોર, અને ભાવનગર પરા સ્ટેશને થોભશે.

મહિધરપુરામાં હીરાના 8 વેપારીઓને પુષ્ટિ જેમ્સના સંચાલકે 1.40 કરોડમાં નવડાવ્યા

મહિધરપુરામાં પુષ્ટિ જેમ્સના સંચાલકે શરૂઆતમાં હીરા રોકડમાં લઈ વિશ્વાસ સંપાદીત કર્યો અને બાદમાં ઓફિસ બંધ કરી દીધી

વેપારીઓએ તપાસ કરતાં હીરા લઈ ભાગી ગયાનું બહાર આવ્યું

સુરતઃ મહિધરપુરાના હીરા વેપારીઓ પાસે પુષ્ટિ જેમ્સનાં સંચાલકે શરૂઆતમાં હીરા રોકડમાં ખરીદી વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો હતો. બાદમાં 8 વેપારીઓ પાસે 1.40 કરોડના હીરા લઈ પેમેન્ટ નહીં કરી ફરાર થઈ જતા મહીધરપુરા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

મહિધરપુરા પોલીસ પાસે મળતી માહિતી મુજબ કતારગામની હરી દર્શન સોસાયટીમાં રહેતા 40 વર્ષીય પંકજભાઈ કરશનભાઈ ધડુક મહીધરપુરા હીરા બજારમાં હીરા વેચવાનું કામ કરે છે. પંકજભાઈને ત્રણ ચાર મહિના પહેલા મહીધરપુરાની પુષ્ટિ જેમ્સનાં સંચાલક દીપ ઉર્ફે દીપકભાઈ વજુભાઈ બોદર્યા (રહે.,ગઢપુર ટાઉનશિપ, પસોદરા) સાથે મુલાકાત થઈ હતી. દિપકભાઈએ પંકજ ભાઈને તેમની સાથે હીરા લે-વેચનું કામ કરવાનું કહ્યું હતું. મહિધરપુરામાં પુષ્ટિ જેમ્સ એક પ્રતિષ્ઠિત નામ ધરાવતી પેઢી હોવાથી પંકજભાઈએ દિપક સાથે હીરાનો વેપાર શરૂ કર્યો હતો. શરૂઆતમાં રોકડ વ્યવહાર કર્યો હતો.

બાદમાં પંકજ પાસે દિપકે માર્ચ મહિનામાં ટૂકડે ટૂકડે કુલ 14 લાખના હીરા ઉધારીમાં લીધા હતા. પેમેન્ટ માટે ફોન કરતા તે ફોન ઉપાડતો નહોતો. પંકજ દીપકની ઓફિસે ગયો તો દીપક ઓફિસ પણ બંધ કરી ફરાર થઈ ગયો હતો. બજારમાં જાણવા મળ્યુ કે, દીપકે 8 જેટલા વેપારીઓ પાસે 1.26 કરોડના હીરા લઈ ઠગાઈ કરી છે. જેથી મહિધરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરત સહિત....

અકળાયા છે. રાજ્યની મધ્યસ્થ બેન્કો,શિડ્યુલ અને મલ્ટી શિડ્યુલ કો. ઓપરેટિવ બેન્કો માત્ર મેન્યુઅલ સેવાથી કેશ પેમેન્ટ કરી ગ્રાહકોને સાચવી રહી છે.બેન્કોના સર્વર બંધ થઈ જતાં ગુજરાત અર્બન કો.ઓપ.બેંક ફેડરેશને આરબીઆઈને રજૂઆત કરી મામલો ઉકેલવા રજૂઆત કરી છે. નહીંતર ગુજરાતીની બહાર લાઈન લાગી જશે. સહકારી બેંકોએ ત્રણ દિવસ ગ્રાહકોને સોફ્ટવેરમાં ખામી સર્જાઈ હોવાના SMS ઈમેલ મોકલી સ્થિતિ સાચવી છે. RBI એ બુધવાર સુધી વૈકલ્પિક સુવિધા આપવા ખાતરી આપી હતી પણ આજે સાંજે બેન્કોએ સોફ્ટવેર સિસ્ટમમાં સુધારો થઈ રહ્યો છે એવો મેસેજ આજે સતત ત્રીજા દિવસે મોકલ્યો હતો.

લોકો પર....

નેચરલ ગેસ)નાં ભાવમાં કાલે તા.1 ઓગસ્ટ 2024થી અમલમાં આવે એ રીતે કિલો દીઠ સીધો એક રૂપિયાનો ભાવ વધારો જાહેર કર્યો છે. આવતીકાલથી CNG વાહન માલિકોને કિલો દીઠ ગેસના ભાવ 75.26 રૂપિયાને બદલે 76.25 રૂપિયા ચૂકવવા પડશે.

છેલ્લા એક વર્ષમાં નેચરલ ગેસના ભાવો આંતરરાષ્ટ્રીય માર્કેટમાં 11.1% ઘટ્યા હોવા છતાં ગુજરાત ગેસ કંપનીએ 25 દિવસમાં બીજીવાર CNG ગેસના ભાવ વધારતા ઓટો રિક્ષા ચાલકો, ટેક્સી ચાલકો, સ્કૂલ વાહન ચાલકો અને ખાનગી CNG વાહન માલિકોમાં રોષ ફેલાયો છે ગુજરાત ગેસે કિલો દીઠ એક રૂપિયા ભાવ વધારતા કારમી મોંઘવારીમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના 4.21 લાખ CNG વાહન માલિકોને આ ભાવ વધારાની અસર થશે. કંપનીએ કિલો ગેસનો નવો ભાવ 76.26 રૂપિયા જાહેર કર્યો છે.

2024ના ક્વાર્ટરમાં 409.5 કરોડનો નફો વધવા છતાં CNG ગ્રાહકોને લૂંટવાનો દાવ

ગુજરાત ગેસે માર્ચ 2024માં પૂરા થતાં ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા હતાં. જેમાં કંપનીએ અપેક્ષા કરતાં વધુ સારો નફો અને આવક નોંધાવી છે. નાણાંકીય વર્ષ 2024ના ચોથા ક્વાર્ટરમાં કંપનીનો નફો વધીને 409.5 કરોડ રૂપિયા થઈ ગયો છે. જે ડિસેમ્બર 2023 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ. 326 કરોડ હતો. કંપનીના નફામાં આ વધારો 25.6 ટકા છે. કંપનીની આવક ત્રિમાસિક ગાળામાં રૂ. 3,929 કરોડથી વધીને રૂ. 4,134 કરોડ થઈ છે. કંપનીએ માર્ચમાં પૂરા થયેલા ક્વાર્ટરમાં રૂ. 591 કરોડનો EBITDA નોંધ્યો છે, ડિસેમ્બર 2023 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં કંપનીનો EBITDA રૂ. 591 કરોડ હતો.

1 સુરત....

સ્ટેશન ઊભા કરવાનું આયોજન કરી રહી છે. FDODO યોજનાથી બે વર્ષમાં 200થી વધુ નવા CNG સ્ટેશન શરૂ કરવાનું ગુજરાત ગેસ આયોજન કરી રહ્યું છે. 13 ફેબ્રુઆરી 2024ના રોજ ગુજરાત ગેસ લિમિટેડ (GGL)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગ મળી હતી. આ મીટીંગમાં તેમણે નવા CNG સ્ટેશન શરૂ કરવા માટે તાજેતરમાં જ લોન્ચ થયેલી FDODO (સંપૂર્ણતઃ ડીલરની માલિકી અને ડીલરનું સંચાલન) યોજનાને આગળ ધપાવાઈ છે. એવું નોંધવામાં આવ્યું છે કે 2019થી 2022ની વચ્ચે CNGથી ચાલતા પેસેન્જર વ્હીકલ્સના વેચાણમાં 310 ટકાનો વધારો જોવા મળ્યો છે. હાલ ગુજરાત ગેસ લિમિટેડ (GGL)તેના કાર્યરત વિસ્તારોમાં 815થી વધુ CNG સ્ટેશન ધરાવે છે અને તેમાં 2.78 mmscmd (ડિસેમ્બર 2023 ત્રિમાસિક ગાળા મુજબ) CNGનું વેચાણ ધરાવે છે. આગામી બે વર્ષમાં કંપની તેના અધિકૃત વિસ્તારોમાં 200થી વધુ સ્ટેશન કાર્યરત કરવા માંગે છે અને તેના આધારે દેશમાં 1000 CNG સ્ટેશનની સ્થાપના કરનાર પ્રથમ શહેરી ગેસ વિતરણ કંપની બનવાનો લક્ષ્ય ધરાવે છે.

ગુજરાત ગેસની....

લૂંટ સામે આંદોલન છેડીશું કારણકે, ઇન્ટરનેશનલ માર્કેટમાં નેચરલ ગેસના ભાવો જ્યારે જ્યારે વધ્યા, ગુજરાત ગેસે ભાવો વધાર્યા પણ 2024માં સતત ઘટયા ત્યારે ઘટાડ્યા નથી.,વીજ નિયમન પંચ (GERC)ની જેમ CNG /PNG ગેસના ભાવ નિયંત્રણ માટે હાઈકોર્ટનાં સિટીંગ જજનાં અધ્યક્ષપદ હેઠળની પ્રાઇઝ કંટ્રોલ ઓથોરિટી બનાવવા માંગ કરીએ છીએ,જેથી નફાખોરી અટકાવી શકાય.

આખરે સુરતને....

હતું કે, GST સુરત ટ્રિબ્યુનલનાં જ્યુડીશિયલ મેમ્બર (ન્યાયધીશ) અને એકાઉન્ટ મેમ્બરની સરકાર ટૂંક સમયમાં નિમણુંક કરશે. એ પહેલાં સરકાર સુરત જીએસટી ટ્રિબ્યુનલ માટે ભાડા અથવા માલિકીની જગ્યા શોધશે. ચેમ્બર ઓફ કોમર્સ એમાં મદદરૂપ થાય તો ઝડપથી ટ્રિબ્યુનલ શરૂ થઈ શકશે. સરકારે મહારાષ્ટ્રને ત્રણ બેન્ચ (મુંબઈ, પુણે અને નાગપુર) આપી છે. નાણા મંત્રાલય (મહેસૂલ વિભાગ) દ્વારા તા. 1 સપ્ટેમ્બર, 2023 થી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) ની સ્થાપના અને નવી દિલ્હી ખાતે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) ની મુખ્ય બેંચની રચના જાહેર કરી છે.

મેટ્રોનો સ્પાન....

ટ્રાફિકજામનાં દૃશ્યો સર્જાયાં હતાં. આ ટ્રાફિકનું ડાયવર્ઝન ત્રણ રસ્તા ઉપર આપવામાં આવ્યું છે. જેના કારણે આ ત્રણેય રસ્તા પર અત્યારે ત્રણથી ચાર કિ.મી.નો ટ્રાફિકજામ અવારનવાર સર્જાઈ રહ્યો છે. દરમિયાન મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા આ કામના ઈજારદાર દિલીપ બિલ્ડકોન કંપનીને શો-કોઝ નોટિસ ફટકારી આવું થવા પાછળનું કારણ રજૂ કરવા સહિતની વિગતો બે દિવસમાં રજૂ કરવા અલ્ટિમેટમ અપાયું છે. ઉપરાંત કંપનીનાં સૂત્રોએ જણાવ્યા મુજબ સમગ્ર પ્રોજેક્ટ બે સપ્તાહ મોડો ચાલી રહ્યો છે. જેના કારણે કંપનીને દંડ ફટકારાય તેવી પણ શક્યતા છે.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.ના જનરલ મેનેજર (સિવિલ) યોગેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, સ્પાન ઊંચકાઈ જવાના એકથી વધુ કારણ હોઈ શકે છે. વધુ સ્ટ્રેસિંગ પણ થઈ ગયું હોઈ શકે તેમજ એલાઈન્મેન્ટને કારણે પણ એડિશનલ સ્ટ્રેસ જનરેટ થઈ શકે છે. આ બ્રિજને હવે એક્સપર્ટ્સ અને ડિઝાઈનરો અભ્યાસ કરશે અને ક્ષતિગ્રસ્ત ભાગને દૂર કરવામાં આવશે. વધુમાં વધુ ત્રણ દિવસમાં આ કામગીરી પૂર્ણ થઈ શકે છે. જેથી ટ્રાફિકમાંથી પણ રાહત મળશે. અમે આગોતરાં પગલાં લઈ રહ્યા છીએ અને તેની પાછળનાં કારણો શોધવામાં આવશે. ત્યાર બાદ અમે કંપની સામે કોઈ કાર્યવાહી કરીશું. હાલ એજન્સીને ટેન્ડરની જોગવાઈ મુજબ શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે અને બે દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે.

સમગ્ર પુનઃ સ્થાપન કાર્ય બાંધકામ એજન્સીના ખર્ચે ચલાવવામાં આવી રહ્યું છે. જે ટેન્ડરની જોગવાઈ મુજબ સમગ્ર ખર્ચ ઉઠાવશે. મંગળવારે મોડી રાત્રે આ પહેલાં સ્પાન ઉતારવા માટે મેટ્રો અધિકારી, પોલીસ અને ફાયર વચ્ચે મોડી રાત્રે બેઠક થઈ હતી. બુધવારે બપોરે 11.30 વાગ્યાની આસપાસ નમી ગયેલો સ્પાન નીચે ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. લોખંડના પીલ્લરના સપોર્ટ મૂકી સ્પાન નીચે ઉતારવામાં આવી રહ્યો છે.

મુંબઈ અને દિલ્હીથી ડિઝાઈન એક્સપર્ટની ટીમના સુરતમાં ધામા

યોગેન્દ્રસિંહ ચૌહાણે વધુમાં જણાવ્યું કે, સ્પાન ઉતારવા માટે મુંબઈ અને દિલ્હીથી ડિઝાઇન એક્સપર્ટની ટીમ આવી છે. હાલ છ જેટલા ડિઝાઇન એક્સપર્ટ અહીં આવ્યા છે, દિલ્હી ઇન્ટીગ્રેટેડ મલ્